# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૯૨૬ અને ચાંદીના વાયદામાં રૂ.૩,૨૩૬નો કડાકોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૪ લપસ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૫૪૩.૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૫૬૯૭.૮૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૩૭૮૪.૬૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૫૪૭૭ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૨૪૨૪૨.૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૫૪૩.૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૫૬૯૭.૮૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૪૭૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૫૫૮.૪૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૩૭૮૪.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૯૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૯૫૬ અને નીચામાં રૂ.૧૦૯૧૮૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૦૧૫૬ના આગલા બંધ સામે રૂ.૯૨૬ ઘટી રૂ.૧૦૯૨૩૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૭૧ ઘટી રૂ.૮૭૭૫૩ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૨ ઘટી રૂ.૧૦૯૮૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨૦ ઘટી રૂ.૧૦૯૧૨૦ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૨૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૦૨૪૪ અને નીચામાં રૂ.૧૦૯૪૧૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૦૩૫૨ના આગલા બંધ સામે રૂ.૮૯૬ ઘટી રૂ.૧૦૯૪૫૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૭૪૮૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૬૬૦ અને નીચામાં રૂ.૧૨૫૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૮૮૨૦ના આગલા બંધ સામે રૂ.૩૨૩૬ ઘટી રૂ.૧૨૫૫૮૪ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૩૦૫૯ ઘટી રૂ.૧૨૫૭૧૩ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૦૬૫ ઘટી રૂ.૧૨૫૬૯૬ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૧૩૩.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૬૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૮૧ અને નીચામાં રૂ.૩૮૫૪ના સ્તરને સ્પર્શી, રૂ.૪ ઘટી રૂ.૩૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૬૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૬૮ અને નીચામાં રૂ.૫૬૧૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૯૪ના આગલા બંધ સામે રૂ.૬૪ ઘટી રૂ.૫૬૩૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬૩ ઘટી રૂ.૫૬૨૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૨ વધી રૂ.૨૭૫.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૧ વધી રૂ.૨૭૫.૨ના ભાવે બોલાયો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૨.૯ના ભાવે ખૂલી, રૂ.૨૦.૨ ઘટી રૂ.૯૮૫ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૮ વધી રૂ.૨૬૦૨ના સ્તરે પહોંચ્યો હતો. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૧૩૩૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૩૩૦૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૪૨૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૪૮૭૫૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૪૮૯૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૪૬૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૮૩૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૭૪૧૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૬૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૩૧૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૬૨૩૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૬૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૫૬૬૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૪૭૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૦૧ પોઈન્ટ ઘટી ૨૫૪૭૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૬ ઘટી રૂ.૧૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ વધી રૂ.૧૧.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૮ ઘટી રૂ.૨૭૩ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯૧.૫ ઘટી રૂ.૯૮૨.૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૬૮ ઘટી રૂ.૪.૪ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૬ ઘટી રૂ.૨.૪ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૫.૫ ઘટી રૂ.૧૪.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ વધી રૂ.૧૫.૧૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૮ ઘટી રૂ.૭૩૬.૫ થયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬૨ ઘટી રૂ.૧૦૧૩ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૨ વધી રૂ.૩૨.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૫.૯ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૨.૫ વધી રૂ.૯૨૯ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૧૬ વધી રૂ.૧૭૫૦.૫ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૦૭ વધી રૂ.૬ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૮ પૈસા વધી રૂ.૧.૮૮ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭.૭ વધી રૂ.૩૨.૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૬.૦૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૦ વધી રૂ.૯૮૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૭૦.૫ વધી રૂ.૧૭૧૦.૫ થયો હતો.

# અમદાવાદમાં રૂ.૧૫.૫ લાખમાં મકાન ખરીદ્યુ છતાં અશાંત વિસ્તાર ધારાના કારણે મકાન મળ્યુ નહીઃ ત્રાસ અને ધમકીના પગલે મુસ્લીમ કિશોરીએ કરી આત્મહત્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદમાં એક ચોંકાવનારી ઘટનામાં ગોમતીપુરની ૧૫ વરસની છોકરી સાનિયા અંસારીએ ગયા મહિને પોતાના જ ઘરમાં આત્મહત્યા કરી લીધી હતી. તેના પરીવારે પડોશમાં આવેલુ એક મકાન ખરીદ્યુ હતુ, જેના પછી તેમને મહિનાઓ સુધી હેરાનગતિ અને ધમકીઓનો સામનો કરવો પડયો હતો. જેના કારણે સાનિયાએ આત્મહત્યા કરી લીધી હતી. જો કે તેના મુળમાં સમગ્ર ઘટનાના મુળમાં ગુજરાતનો અશાંતધારો એકટ છે. અંસારી પરીવારે એક હિન્દુ પાડોશી પાસેથી ૧૫.૫ લાખ રૂપીયામાં મકાન ખરીદ્યુ હતું. ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં તેઓએ સંપૂર્ણ રકમ ચુકવી દીધી હતી પરંતુ તેઓ કબ્જે મેળવે તે પહેલા જ મકાન વેચનારના પતિનુ અવસાન થયુ, થોડા દિવસ બાદ વેચનારનો પુત્ર ઘરે પાછો ફર્યો, અને અહીંથી જ સમગ્ર વિવાદ શરૂ થયો, આ ઘર અંસારી પરીવારના હાલના ઘરની સામે હતુ અને તે ટુંક સમયમાં તેમના માટે મુશ્કેલી, સંઘર્ષ અને નફરતનુ કારણ બની ગયુ, અંસારી પરીવારનો દાવો છે કે જયારે પણ તેઓ તેમની નવી મિલ્કતનો કબ્જો મેળવવાની માંગ કરતા હતા ત્યારે વેચનાર સુમન સોનાવડે, બહાના બનાવતો હતો, સોનાવડેનો પુત્ર દિનેશ, પરીવારને ધમકાવવા લાગ્યો અને ડીસ્ટબર્ડ એરીયાઝ એકટ નો ઉલ્લેખ કરીને સોદો રદ કરવાની ધમકી આપતો હતો. સાનિયાની બહેન રીફાત જહાંએ મીડીયાને કહ્યુ હતુ કે તેઓ સાનિયાને વાળ થી ખેંચી તેને માર માર્યો અને અમને લાત મારી, રીફાતે ૭ ઓગસ્ટના રોજ બનેલી ઘટનાનુ મીડીયા સમક્ષ વર્ણન કર્યુ હતું. જયારે વેચનારના પુત્રની સાથે સ્થાનિક લોકો તેમના ઘરમાં ઘુસી ગયા હતા. બે દિવસ બાદ સાનિયાએ ૪ લોકોના નામ સાથે એક સ્યુસાઈડ નોટ છોડી દીધી હતી, સ્યુસાઈડ નોટમાં તેમના પર પૈસા મળ્યા પછી ઘર ન આપવાનો અને મહિનાઓ સુધી હેરાન કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

આ વિવાદના મુળમાં ૧૯૯૧ માં લવાયેલા ડીસ્ટબર્ડ એરીયાઝ એકટ છે. આ કાયદાનો હેતુ સાંપ્રદાયીક રીતે સંવેદનશીલ વિસ્તારોમાં મિલ્કતને અન્ય કોમના લોકોને વેચવા પર પ્રતિબંધ મુકવાનો છે. આ કાયદા હેઠળ આવી મિલ્કતના વેચાણ માટે જિલ્લા કલેકટરની પૂર્વ પરવાનગી ફરજીયાત છે. સાનિયાના કિસ્સામાં પડોશીઓએ તેમને આ કાયદા હેઠળ કાનુની કાર્યવાહીની ધમકી આપી હોવાના અહેવાલ છે. પરીવાર કહે છે કે આ ડર તેમને પોલીસ પાસે જવાથી રોકે છે. સાનિયાના કેસ અંગે સામાજિક કાર્યકર કલીમ સીદીકી કહે છે કે આવા કાયદાઓનો ઉપયોગ મુસ્લીમોને નવા વિસ્તારોમાં સ્થાયી થવાથી રોકવા માટે થાય છે. સીદીકીએ આરોપ મુકયો હતો કે આવા પરીવારોનુ રક્ષણ કરવાને બદલે, આ કાયદો તેમને તેમના અધિકારોથી વંચિત રાખવાનુ હથિયાર બની ગયો છે. તે મુસ્લીમોને કહે છે કે તમારી પાસે પૈસા હોઈ શકે છે પરંતુ તમારે કયાં રહેવુ તે પસંદ કરી શકતા નથી. પરીવારે આરોપ લગાવ્યો કે તેમને એફઆઈઆર નોંધવા માટે પોલીસ પર દબાણ કરવુ પડયુ, હુમલાના સીસીટીવી ફુટેજ અને સ્યુસાઈડ નોટ હોવા છતાં પોલીસે શરૂઆતમાં એફઆઈઆર નોંધવાનો ઈન્કાર કર્યો હતો. અધિકારીઓએ મૃત્યુને અકસ્માત ગણાવ્યો હતો અને સ્યુસાઈડ નોટને ફોરેન્સિક તપાસ માટે મોકલી હતી. પોલીસ કમિશ્નર જીએસ મલીકના હસ્તક્ષેપ બાદ જ એફઆઈઆર માં ૬ લોકોના નામ દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં એક સગીરને આત્મહત્યા માટે ઉશ્કેરવા સહિતના આરોપોનો સમાવેશ થાય છે. પરીવારના વકીલ સત્યેશ લેઉવાએ જણાવ્યુ હતુ કે એફઆઈઆરમાં ઘણી મહત્વપૂર્ણ હકીકતો અવગણવામાં આવી હતી. અમારે એફઆઈઆર નોંધવા માટે પણ મહેનત કરવી પડી હતી. શરૂઆતની એફઆઈઆરમાં આત્મહત્યાનો ઉલ્લેખ હતો પરંતુ ત્રાસ આપવાનો અને માર મારવાનો ઉલ્લેખ ન હતો. ગોમતીપુર પીઆઈ ડી વી રાણાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આરોપીઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. અમે એફએસએલના રીપોર્ટની રાહ જોઈ રહ્યા છીએ. જેથી નકકી કરી શકાય કે સ્યુસાઈડ નોટ ખરેખર એ જ છોકરી દ્વારા લખાઈ હતી કે નહી. એકવાર તે સાબિત થઈ જાય, પછી અમે વધુ તપાસ કરીશુ, સાનિયાએ પોતાની સ્યુસાઈડ નોટમાં લખ્યુ છે કે છેલ્લા ૧૦ મહિનાથી મારા ઘરમાં તેમના કારણે કોઈ ખુશી નથી, પાડોશી કે પોલીસ, કોઈ તેમની મદદ માટે આવ્યુ નથી, જો કે આ કોઈ એકલ દોકલ ઘટના નથી, વરસોથી નાગરીક અધિકાર જુથોએ નોંધ્યુ છે કે કેવી રીતે અશાંત વિસ્તાર ધારાનો ઉપયોગ મુસ્લીમોને મિશ્ર વિસ્તારોથી દુર રાખવા માટે થાય છે. ૨૦૧૯ માં આ કાયદામાં સુધારાના કારણે પરવાનગી મેળવવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. પીપલ્સ યુનિયન ફોર સીવીલ લીબર્ટીઝ ના રાષ્ટ્રીય સચિવ પ્રસાદ ચાકો માને છે કે અશાંત વિસ્તારો અધિનિયમ જેનો હેતુ ડીસ્ટ્રેસ સેલ ને કારણે વસ્તી વિષેયક સંતુલનને રોકવાનો છે. તે હવે મુસ્લીમોને હેરાન કરવા અને ડરાવવાનુ બીજુ શસ્ત્ર બની ગયુ છે. ગુજરાત લઘુમતી સંકલન સમિતિ (એમસીસી) કહે છે કે આ કાયદાનો ઉપયોગ મુસ્લીમોને ચોકકસ વિસ્તારોમાં મર્યાદીત કરવા માટે તેમને વ્યવસ્થિત રીતે હાંસીયામાં ધકેલી દેવા માટે થઈ રહ્યો છે. સમિતિના કન્વીનર મુજાહીદ નફીસે કહ્યુ હતુ કે જયાર થી ભાજપ સત્તા માં આવી છે ત્યારથી તેઓ મુસ્લીમોને હિન્દુ વિસ્તારોથી દુર રાખી રહ્યા છે.

મંડળ પર સ્વચ્છતા શપથ સાથે થઈ ''સ્વચ્છતા પખવાડિયું''ની શરૂઆત

# ભાવનગર રેલવે મંડળ પર ૧૭ સપ્ટેમ્બરથી અલગ-અલગ થીમ પર મનાવવામાં આવી રહ્યું છે ''સ્વચ્છતા પખવાડિયું''






સમગ્ર ભારતીય રેલ પર ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન હેઠળ ૧૭ સપ્ટેમ્બરથી ૦૨ ઑક્ટોબર, ૨૦૨૫ સુધી ''સ્વચ્છતા પખવાડિયું'' મનાવવામાં આવી રહ્યું છે. પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ પર ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મંડળ રેલ પ્રબંધક કચેરી, ભાવનગર પારા ખાતે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ અધિકારીઓ તથા કર્મચારીઓને ''સ્વચ્છતા શપથ'' અપાવી પખવાડિયું શરૂ કર્યું. આ અવસરે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ અધિકારીઓ તથા કર્મચારીઓને દર વર્ષે ૧૦૦ કલાક શ્રમદાન કરવાનો સંકલ્પ અપાવ્યો. સાથે જ વિવિધ સ્ટેશનો પર સ્ટેશન અધિકારીઓ દ્વારા કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટ ક્લીનિંગ સ્ટાફને પણ સ્વચ્છતા શપથ અપાવવામાં આવી. શપથગ્રહણ પછી સ્વચ્છતા પખવાડિયાની ઔપચારિક શરૂઆત કરવામાં આવી, જેના અંતર્ગત દરરોજ અલગ-અલગ થીમ પર વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. પખવાડિયાનો પ્રથમ દિવસ ''સ્વચ્છતા જાગૃતિ દિવસ'' તરીકે મનાવવામાં આવ્યો. આ દરમિયાન સ્ટેશનો પર જાહેરાત પ્રણાલી દ્વારા મુસાફરોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા.

આ પખવાડિયાના અંતર્ગત રેલવે યુનિટો જેવા કે રેલવે સ્ટેશન, કોલોની વગેરેમાં રેલ મિત્ર સુરક્ષા શિબિર અને આરોગ્ય શિબિર યોજાશે તેમજ કર્મચારીઓને સુરક્ષા સંબંધિત સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભાવનગર મંડળના સ્ટેશનો, આરોગ્ય એકમો અને વર્કશોપમાં વૃક્ષારોપણ અભિયાન ચલાવવામાં આવશે. રેલવે કોલોનીઓમાં જઈને કર્મચારીઓના કુટુંબજનોને પણ સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવશે. મુસાફરોને પ્રદાન થતી ભોજન સામગ્રી, સ્ટોલો તથા જળસ્રોતોની સ્વચ્છતાની નિયમિત તપાસ કરવામાં આવશે. ટ્રેનો અને સ્ટેશનો પર ઉપલબ્ધ શૌચાલયો, પ્લેટફોર્મ, રેલવે ટ્રેક તથા કોચોની સફાઈ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સાથે જ મુસાફરો પાસેથી સ્વચ્છતા, ભોજનની ગુણવત્તા તથા પીવાના પાણી સંબંધિત પ્રતિસાદ પણ લેવામાં આવશે. સ્વચ્છતા જાગૃતિને જનજન સુધી પહોંચાડવા માટે ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સ્વચ્છતા જાગૃતિ સાયકલ રેલી તથા નાટક (નુક્કડ નાટક)નું પણ આયોજન કરવામાં આવશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે – ''આ પખવાડિયા દરમિયાન રેલવે સ્ટેશનો તથા ટ્રેનોમાં જાહેર સુવિધાઓની સ્વચ્છતા પર ખાસ ભાર મુકવામાં આવશે. મુસાફરોને સ્વચ્છ વાતાવરણ પ્રદાન કરવું રેલવેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.''

# ગુજરાત હાઈકોર્ટમાં નિયમોમાં ધરખમ ફેરફારો કરાયા : હવેથી સીનીયર વકીલો નહીં માંગી શકે મુદત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે કોર્ટની કાર્યવાહીને સક્ષમ બનાવવા માટે નિયમોમાં ધરખમ ફેરફારો કર્યા છે. THE HIGH COURT OF GUJARAT (DESIGNATION OF SENIOR ADVOCATES ) RULES ૨૦૨૫ નામના ૧૪ પાનાના નોટીફીકેશનમાં જણાવ્યુ છે કે હવેથી કોઈપણ કેસમાં સીનીયર વકીલો મુદત (એડજોર્નમેન્ટ ) માંગી શકશે નહી, મેન્શનિંગ અને મુદત માટે જુનીયર વકીલોજ અરજી કરી શકશે. આ ઉપરાંત સીનીયર વકીલોની પદવી મેળવવા માટે ઓછામાં ઓછી ૪૫ વરસની ઉંમર ફરજીયાત કરવામાં આવી છે. જેથી ૪૫ વરસથી ઓછી ઉંમરના વકીલો આ પદવી મેળવી શકશે નહી, આ નિયમથી જુનીયર વકીલોને વધુ તકો મળશે અને વ્યવસાયમાં પારદર્શિતા આવશે, સીનીયર વકીલોએ બારમાં ૩ વરસથી ઓછો અનુભવ ધરાવતા બે થી ત્રણ જુનીયર વકીલોને સાથે રાખીને માર્ગદર્શન આપવાનુ ફરજીયાત કરાયુ છે.




રાષ્ટ્રીય મંચ ઉપર ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત-વિશ્વાસપાત્ર લેબોરેટરી તરીકે 'ગીરડા' પ્રસ્થાપિત

# છેલ્લા ત્રણ વર્ષમાં વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોની ગુણવત્તા ચકાસણી થકી રાજ્ય સરકારને રૂ. ૧૦.૩૪ કરોડથી વધુની આવક

વડોદરા ખાતે કાર્યરત 'ગીરડા' સંસ્થાને વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ એમ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોની ગુણવત્તા ચકાસણી થકી રૂ. ૧૦.૩૪ કરોડથી વધુની આવક થઈ છે. જે માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૭.૨૧ કરોડ કરતાં વધુ ગ્રાન્ટની ફાળવણી પણ કરવામાં આવી છે. કેમિકલ, પ્લાસ્ટિક્સ, પોલિમર્સ જેવા ઉદ્યોગો માટે રાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત લેબોરેટરી અને ઈશ્ઙમાં સેન્ટર ઓફ એક્સિલન્સ વિકસાવવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔધોગિક સંશોધન અને વિકાસ સંસ્થા-ગીરડાની સ્થાપના કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના માર્ગદર્શનમાં 'ગીરડા' રાષ્ટ્રીય મંચ ઉપર ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત અને વિશ્વાસપાત્ર લેબોરેટરી તરીકે પ્રસ્થાપિત થઈ છે. આ સંસ્થા વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોની ચકાસણી ઉપરાંત જનહિત સંબંધિત પીવાના પાણીની પાઈપલાઈનની ગુણવત્તા ચકાસણીની પણ ખૂબ જ મહત્વપૂર્ણ કામગીરી કરે છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગીરડાને વિવિધ જાહેર સાહસો જેવા કે, વોટર રિસોર્સ ડિપાર્ટમેન્ટ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વાસ્મો, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. વગેરે સાથે પીવીસી અને એચડીપી પાઈપ ચકાસણી અર્થે એમ્પેનલ કરવામાં આવી છે. વધુમાં આ સંસ્થા રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર હસ્તગત વિવિધ સાહસો જેવા કે, GAIL, IOCL, BPCL, ONGC, PWD, GMB, GWIL, POLICE HOUSING, GGRC, URBAN AUTHORITY & MUNICIPLE CORPORATIONS તેમજ મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશાના સિંચાઈ વિભાગને સેમ્પલ ચકાસણી તથા સ્થળ તપાસ-માર્ગદર્શનની સેવાઓ પણ પૂરી પાડે છે. ગીરડાને કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રાલય દ્વારા 'Scientific & Industrial Research Organizations(SIROs)'ની તેમજ ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તરફથી 'National Accreditation Board for Testing and Calibration Laboratories (NABL)'ની માન્યતા આપવામાં આવી છે. આ ઉપરાંત સંસ્થાને વડોદરાની ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તરફથી 'Recognition for Research Center under Applied Chemistry Department'ની માન્યતા પણ મળી છે. વધુમાં, ગીરડાએ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર અને કેમિકલ્સ યુનિવર્સિટી(જીએસએફસી) સાથે વિવિધ સમજૂતી કરાર કર્યા છે.

આ સંસ્થા રબર, પ્લાસ્ટિક, પેઈન્ટ, શાહી, કોટિંગ્સ, કાગળ, રસ્તાના કામ અને હાઈવે સામગ્રી, ધાતુ-મિશ્રધાતુ, અકાર્બનિક રસાયણો, સિમેન્ટ, બાંધકામ સામગ્રી તથા પેટ્રોલિયમ ઉત્પાદનો જેવા વિવિધ ઉદ્યોગોને હાલની પ્રક્રિયાઓમાં ફેરફાર અંગે માર્ગદર્શન તથા ગુણવત્તા ચકાસણી માટે મદદ પૂરી પાડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની ૧૦૦ ટકા ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા ગીરડા કેમિકલ અને પેટ્રોલિયમ ક્ષેત્રની નાના, મધ્યમ ઉદ્યોગોને સંશોધન તેમજ વિકાસ વિસ્તરણ, તાલીમ, સહાય માર્ગદર્શન, ટેકનોલોજી, ગુણવત્તા નિયમન, સ્થળ તપાસ અને નવી વસ્તુના ઉત્પાદન સંબંધિત માર્ગદર્શનની વિવિધ કામગીરી કરે છે.

- જીગર બારોટ

# આઈસીસી વિમેન્સ વન-ડે ક્રમાંકમાં મંધાના ફરીથી મોખરે પહોંચી

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ




ભારતની સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાનાએ હાલમાં રમાઈ રહેલી ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે ક્રિકેટ સિરીઝની પ્રથમ વન-ડેમાં શાનદાર અડધી સદી ફટકારીને આઈસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ ક્રમાંકમાં ફરી એક વાર મોખરાનો ક્રમ હાંસલ કરી લીધો હતો. મંગળવારે આઈસીસીએ વિમેન્સ વન-ડે બેટિંગ ક્રમાંક જારી કર્યા હતા.ઓસ્ટ્રેલિયા સામે ચંદીગઢના મુલ્લાનપુર ખાતે રવિવારે રમાયેલી પ્રથમ વન-ડેમાં મંધાનાએ ૬૩ બોલમાં ૫૮ રન ફટકાર્યા હતા. જોકે તે મેચમાં ભારતનો પરાજય થયો હતો. મંધાના ઉપરાંત તેની સાથી ઓપનર પ્રતિકા રાવલ અને ત્રીજા ક્રમની બેટર હરલિન દેઓલે પણ અડધી સદી ફટકારી હતી. આ બંનેના ક્રમમાં પણ સુધારો જોવા મળ્યો છે. હવે ફરીથી મોખરાનો ક્રમ હાંસલ કરવાથી આ મહિને ભારતમાં જ યોજાનારા વિમેન્સ વર્લ્ડ કપ અગાઉ મંધાનાના આત્મવિશ્વાસમાં વધારો થઈ શકે છે.૩૦મી સપ્ટેમ્બરથી ભારતમાં વર્લ્ડ કપ યોજાનારો છે અને તે અગાઉ આઈસીસી ક્રમાંકમાં ફરક પડનારો નથી. આમ મંધાના આ વખતે મેગા ઈવેન્ટમાં નંબર વન તરીકે રમી શકશે. રવિવારના ૫૮ રનની મદદથી સ્મૃતિ મંધાનાએ સાત રેટિંગ પોઈન્ટ હાંસલ કર્યા હતા જેને કારણે તે ઈંગ્લેન્ડની નેટ સિવર-બ્રન્ટ કરતાં ચાર પોઈન્ટ આગળ નીકળી ગઈ હતી. આ સાથે અંગ્રેજ બેટર નેટ સિવર બીજા સ્થાને આવી ગઈ છે. મંધાનાના ૭૩૫ રેટિંગ પોઈન્ટની સરખામણીએ ઈંગ્લેન્ડની અનુભવી બેટર ૭૩૧ પોઈન્ટ ધરાવે છે.મંધાનાએ પહેલી વાર ૨૦૧૯માં મોખરાનો ક્રમ હાંસલ કર્યો હતો અને ૨૦૨૫ના જ વર્ષમાં તે બીજી વાર આ સ્થાને પહોંચી છે. તેની સાથે આ વખતે ભારતની ઓપનર પ્રતિકા રાવલે ચાર ક્રમની છલાંગ લગાવી છે અને ૪૨મા ક્રમે પહોંચી છે. શેફાલી વર્માના કંગાળ ફોર્મને કારણે ભારતીય ટીમમાં સ્થાન હાંસલ કરી શકેલી પ્રતિકાએ તાજેતરમાં સારું ફોર્મ દાખવ્યું છે. રવિવારે તેણે અડધી સદી ફટકારી હતી અને તેની સાથે ૫૪ રન ફટકારનારી હરલિન દેઓલે પણ તેના ક્રમમાં સુધારો કર્યો છે. તે હાલમાં રાવલ બાદ ૪૩મા ક્રમે આવી ગઈ છે.

# આજે રાહુલ ગાંધી જુનાગઢના કોંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં હાજરી આપશે



પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢમાં કોંગ્રેસ દ્વારા આગામી વિધાનસભાની ચુંટણીઓ પૂર્વે તૈયારીઓના ભાગરૂપે ભવનાથ તળેટી પ્રેરણાધામમાં રાષ્ટ્રીય કક્ષાની પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી રહી છે. શિબિર અંતિમ ચરણમાં હોઈ આજે તા. ૧૮ મી સપ્ટેમ્બર ના રોજ લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધી ફરીથી આજે શિબિરમાં પહોચશે અને જિલ્લાના હોદ્દેદારો દ્વારા સતત ૭ દિવસ સુધી જ લીધેલી તાલીમ અંગે પણ માહિતગાર થશે અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

રાહુલ ગાંધીને આવકારવા કોંગ્રેસ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે, આજે કેશોદ એરપોર્ટથી જુનાગઢ આવતી વખતે રસ્તામાં વંથલીમાં રાહુલ ગાંધીનુ ભવ્ય સ્વાગત કરાશે. ગુજરાતમાં કોંગ્રેસને ફરી જીવંત કરવા પાર્ટી દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જુનાગઢમાં પ્રેરણાધામ ખાતે કોંગ્રેસની રાષ્ટ્રીય પ્રશિક્ષણ શિબિર અંતિમ ચરણમાં છે. જેમાં આજે બીજી વખત કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી પહોચશે. પ્રથમ મુલાકાતમાં રાહુલ ગાંધી દ્વારા જિલ્લા ના પ્રમુખો અને હોદ્દેદારોને ધર્મ, નેતૃત્વ અને પ્રજાકીય સમસ્યા સહિતના મુદ્દે સાડા ત્રણ કલાક સંબોધન કર્યુ હતું અને વિપક્ષના પ્રહારના બદલે લોકોના પ્રશ્નો ઉકેલવા તૈયાર થઈ જવા ટીપ્સ આપી હતી. અને રાષ્ટ્રીય કક્ષાનો મુદ્દો જે હાલ ટ્રેન્ડમાં છે તે વોટ ચોરી મામલે પણ કોંગ્રેસ લોકોની વચ્ચે જઈ ડોર ટુ ડોર સંપર્ક કરી મતદારોની અને મતદાતાઓની સ્થિતિ અંગે વાકેફ થવા પ્રયાસ કરશે.

આજે રાહુલ ગાંધી કેશોદ એરપોર્ટથી જુનાગઢ પહોચશે, ત્યારે વંથલી ખાતે તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવશે, ત્યારબાદ મોટર માર્ગે ભવનાથ તળેટીએ પહોચશે, એક અઠવાડીયામાં જ રાહુલ ગાંધીની જુનાગઢમાં બીજી મુલાકાતથી કોંગ્રેસમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાહુલ ગાંધીની મુલાકાતથી પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# અમદાવાદ શહેરમાં ૬૬ ગરબા આયોજકોએ મંજુરી માટે અરજી કરી : પોલીસે એકપણ આયોજકને મંજુરી આપી નથી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી ૨૨ સપ્ટેમ્બર થી નવલી નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. રાજયમાં ઠેર ઠેર નવરાત્રી ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે અમદાવાદમાં પણ અનેક સ્થળો પર ગરબાની રમઝટ સાથે તૈયારીઓ શરૂ કરાઈ છે, પોલીસે નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે, નવરાત્રીમાં પોલીસ સતત પેટ્રોલીંગ કરશે, તમામ નિયમોના પાલન બાદ પોલીસ દ્વારા આયોજકોને મંજુરી અપાશે તેવુ અમદાવાદ પોલીસ કમિશ્નર મલિકે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું. નવરાત્રીના આયોજન અંગે ડીસીપી રીમા મુન્શી એ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે અમદાવાદમાં નવરાત્રીના ગરબા માટે કુલ ૬૬ આયોજકોએ પોલીસની મંજુરી માટે અરજી કરી છે. પોલીસે હજુ સુધી એકપણ આયોજકને મંજુરી આપી નથી. પોલીસ ગરબાના ગ્રાઉન્ડ પર રૂબરૂ મુલાકાત કરશે, આયોજકો પાસે ફાયર એનઓસી છે કે નહી તેમજ ગરબા તેમજ પાર્કિંગ વિસ્તારમાં સીસીટીવી છે કે નહી તેવા તમામ નિયમોના પાલન બાદ પોલીસ દ્વારા મંજુરી આપવામાં આવશે.

રીમા મુન્શી એ વધુમાં કહ્યુ હતુ કે કોઈપણ ગરબા આયોજકે પાર્કિંગ ની વ્યવસ્થા કરવી પડશે. ગરબાના ગ્રાઉન્ડની આસપાસ ટ્રાફીક જામ ન થાય તે માટે સ્વયં સેવકોની મદદ લેવી પડશે, પોલીસ પણ ગરબા ગ્રાઉન્ડની આસપાસના વિસ્તારોમાં પેટ્રોલીંગ કરશે, ગરબા ગ્રાઉન્ડમાં આયોજકો દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્ટેજ જેવા સ્ટ્રકચર માટે પીડબલ્યુડીમાંથી મંજુરી લેવી પડશે. તમામ નિયમોનુ પાલન કર્યા બાદ જ આયોજકોને ગરબાની મંજુરી આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગઈ કાલે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જીએસ મલીક દ્વારા જણાવાયુ હતુ કે પોલીસે નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. નવરાત્રીમાં પોલીસ સતત પેટ્રોલીંગ કરશે, નવરાત્રી સમયે શી ટીમ પણ પેટ્રોલીંગ કરશે. લોકો કાયદામાં રહીને નવરાત્રી ઉજવે તેવી અપીલ કરવામાં આવી હતી. નોટીફીકેશન પ્રમાણે નવરાત્રીમાં ગરબાનો સમય ૧૨ વાગ્યા સુધી નો છે. કોઈપણ દુર્ઘટના થાય તો પીસીઆર વાનને કોઈ હદ નહી નડે, પહેલા હદની સમસ્યાને કારણે કોઈ પ્રતિસાદ મળતો ન હતો. ટ્રાફીક નિવારવા માટે વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવાશે, એસજી હાઈવે અને સિંધુ ભવન રોડ પર પોલીસ બંદોબસ્ત ગોઠવાશે.

# હું મારી મર્યાદામાં અધિકારીને ભલામણ કરૂ છું પરંતુ અધિકારીઓ કામ ન કરે તો હું શું કરૂ ? : સાંસદ ભરતસિંહ ડાભીના પીએ



પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ સરકારમાં અધિકારીઓ કામ કરતા નથી તેવુ ખુદ ભાજપના પાટણના સાંસદ ભરતસિંહ ડાભી ના જવાબદાર વ્યકિત (પીએ) ચિંતન પ્રજાપતિએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું. પાટણ સાંસદ ભરતસિંહ ડાભીના જવાબદાર વ્યકિત (પીએ) ચિંતન પ્રજાપતિએ કહ્યુ હતુ કે ભલામણ કરવી સાંસદ સાહેબના હાથમાં છે પરંતુ હું મારી મર્યાદામાં અધિકારીઓને ભલામણ કરૂ છું પરંતુ અધિકારીઓ કામ ન કરે તો હું શુ કરૂ ? આમ હવે પાટણ સાંસદ ભરતસિંહ ડાભીના સરકારમાં કામો ન થતા પ્રજાને રામ ભરોસે છોડી દેતા પ્રજામાં ભભુકી ઉઠયો છે. કહેવાય છે કે સાંસદ ભરતસિંહ ડાભીને હરાવવા માટે મેદાનમાં આવેલા સિધ્ધપુરના ધારાસભ્ય અને હાલના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતે પુર પીડીતોને આપવામાં આવતી સહાયના ચેકો પર સાંસદ ભરતસિંહ ડાભીની ગેરહાજરીમાં પુરપીડીતોને ચેકોનુ વિતરણ કરતા જિલ્લામાં કયાંક ભાજપનો જુથવાદ ચાલી રહ્યો હોય તેવુ પણ ચર્ચાઈ રહ્યુ છે.

# ભાજપે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ સંસ્કારનો ખર્ચ ઉઠાવવાનો ઈન્કાર કરતા ગુજરાતમાં રાજકીય વિવાદ

### સૌરાષ્ટ્ર ભાજપના બે મોટા દિગ્ગજ નેતાઓના ઈશારે ૨૫ લાખ જેટલો ખર્ચ ચુકવવાનો ઈન્કાર કરાયાની ચર્ચાએ જોર પકડયું



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપમાં હાલ એક મોટો રાજકીય વિવાદ ઉભો થયો છે, એવી વાત બહાર આવી છે કે પાર્ટીએ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ સંસ્કારનો ખર્ચ ઉઠાવવાનો ઈન્કાર કર્યો છે જેના કારણે તેમના પરીવારને અંદાજે ૨૫ લાખ રૂપીયાના બીલ પોતે ચુકવવા પડી રહ્યા છે. ગુજરાત ભાજપના પ્રમુખ અને કેન્દ્રીય જળમંત્રી સી આર પાટીલને જયારે રાજકોટમાં આ અંગે મીડીયા દ્વારા સવાલો પુછવામાં આવ્યા ત્યારે તેઓ સીધો જવાબ આપવાથી બચ્યા હતા અને ચુપકીદી સાધી લીધી હતી. તેમની આ પ્રતિક્રિયાએ સૌરાષ્ટ્ર ભાજપમાં ગંભીર આંતરીક મતભેદોની અટકળોને વેગ આપ્યો છે. સીઆર પાટીલ રવિવારે રાજકોટના રેસક્રોસ મેદાનમાં યોજાયેલા નમોત્સવ કાર્યક્રમમાં હાજરી આપવા પહોચ્યા ત્યારે સ્વ.વિજય રૂપાણીના અંતિમ સંસ્કારનો ખર્ચ ચુકવવા પાર્ટીએ કરેલા ઈન્કાર અંગે પુછવામાં આવ્યુ હતું. આ ખર્ચ અંદાજે ૨૫ લાખ રૂપીયાની આસપાસ હોવાનુ કહેવાય છે. આ વિવાદ રૂપાણીના અંતિમ સંસ્કારના ૩ મહિના બાદ બહાર આવ્યો છે. ૧૬ જુન ૨૦૨૫ ના રોજ રાજકોટમાં અંતિમ સંસ્કાર વખતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને અનેક ટોચના ભાજપના નેતાઓ અને હજારો કાર્યકરો તેમજ નાગરીકો હાજર રહ્યા હતા. મહાનુભાવો અને હજારો લોકો આવવાના હોઈ ટેન્ટ, ફુલો સહિતની વ્યવસ્થા કરાઈ હતી. જો કે તે ખર્ચ સામે આવેલા બિલ ભાજપે ચુકવ્યા ન હતા. પરંતુ આ બીલો રૂપાણીના દુઃખી પરીવારને આપવાનુ કહેવામાં આવ્યુ હતું. સુત્રોના કહેવા પ્રમાણે જુલાઈ સુધીમાં પરીવારના સભ્યોને આ વાતની જાણ થઈ ત્યારે થઈ જયારે વેપારીઓ પૈસાની માંગણી સાથે તેમના ઘર સુધી પહોચ્યા, આ અસહજ પરીસ્થિતિમાં રૂપાણીના પરીવારજનો મજબુર થઈને બિલો ચુકવવા લાગ્યા છે. જયારે પાર્ટીમાં વિશ્વાસઘાતની ચર્ચાઓ થઈ રહી છે. રાજકોટમાં સી આર પાટીલે સર્કિટ હાઉસમાં ધારાસભ્યો અને સંગઠનના નેતાઓ સાથે બંધ બારણે બેઠકો કરી હતી. બહાર મીડીયાએ તેમને પ્રશ્નોને લઈ ઘેરીને પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. ભારત પાકિસ્તાન ક્રિકેટ મેચ અંગે પુછવામાં આવતા તેમણે જવાબ આપવાનુ ટાળીને આગળ વધી ગયા હતા. પરંતુ જયારે રૂપાણીના અંતિમ સંસ્કાર ના ખર્ચ અંગે પુછવામાં આવ્યુ ત્યારે તેમણે અસ્પષ્ટ રીતે કહ્યુ આ નમોત્સવનો પ્રસંગ છે. હું ચોક્કસપણે પછી જવાબ આપીશ તેવુ કહીને તેઓ ઝડપથી આગળ વધી ગયા હતા. ભાજપના આંતરીક સુત્રોના કહેવા પ્રમાણે ખર્ચ ચુકવવાનો ઈન્કાર કરવાનો નિર્ણય સૌરાષ્ટ્રના બે મોટાઓએ લીધો હતો. જે આંતરીક મતભેદો દર્શાવે છે. જયાં કેટલાક વરીષ્ઠ નેતાઓનુ માનવુ છે કે પાટીલનુ મૌન આ મુદ્દાની સંવેદનશીલતા દર્શાવે છે. જયારે કેટલાકનો દાવો છે કે આ ગુજરાતમાં આવનારી રાજકીય ઉથલપાથલ નો આ સંકેત છે. આ વિવાદ રાજકોટ અને સૌરાષ્ટ્રમાં ચર્ચાઈ રહ્યો છે, કેટલાક કાર્યકરો આ અંગે ખુલ્લેઆમ અસંતોષ વ્યકત કરી રહ્યા છે. સ્વજનના દુઃખમાં ડુબેલા રૂપાણી પરીવારને હવે આર્થિક બોજ હેઠળ જોઈને કાર્યકરોમાં રોષ વ્યાપો છે. તો બીજી તરફ ગુજરાત ભાજપના નેતૃત્વમાં તિરાડો પણ દેખાઈ રહી છે. એક પૂર્વ મુખ્યમંત્રીને ગૌરવપૂર્ણ વિદાય આપવાનો પ્રસંગ હવે રાજકીય વિવાદમાં ફેરવાઈ ગયો છે જેના કારણે મહત્વના ચુંટણીઓ અગાઉ પાર્ટીની છબી ખરાબ થવાની દહેશત પણ કેટલાક કાર્યકરો વ્યકત કરી રહ્યા છે.

### સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલની ભલામણને પણ ગૃહમંત્રી દ્વારા ધ્યાને ન લેવાઈ

# ભાજપનો જુથવાદ હવે મંત્રી મંડળમાં જોવા મળ્યો : ગૃહમંત્રી મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા મંત્રી મંડળમાં કચવાટ



પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપનો જુથવાદ હવે રાજયના જિલ્લા અને તાલુકાઓ બાદ હવે રાજય સરકારના મંત્રી મંડળમાં જોવા મળી રહ્યો છે. ઈતિહાસમાં કયારેય જોવા ન મળ્યો હોય તેવો જુથવાદ હાલમાં મંત્રી મંડળમાં જોવા મળતા મુખ્યમંત્રીની છબી ખરડાતી હોવાના સંકેતો જોવા મળી રહ્યા છે.

લોકમુખે ચર્ચાયેલ મુજબ ગૃહમંત્રીના કાર્યાલયે ૧૦ હજાર થી વધુ ભલામણો ધારાસભ્યો અને મંત્રીઓની ધુળ ખાઈ રહી છે. ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે ગૃહમંત્રી ધારાસભ્યો અને મંત્રીઓની ભલામણો કેમ ધ્યાને લેતા નથી ? કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો અને સાંસદોની ભલામણો ઉપર ધ્યાન ન આપે, પરંતુ અહીંયા તો સત્તાધારી પક્ષ ભાજપના ધારાસભ્યો અને મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા મંત્રી મંડળમાં કચવાટ ઉભો થવા પામ્યો છે. કહેવાય છે કે આ મામલે મીડીયા દ્વારા સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલને પુછવામાં આવતા સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલ દ્વારા દરમિયાનગીરી કરવામાં આવી હોવા છતાં ગૃહમંત્રી દ્વારા સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલની ભલામણને ધ્યાને લેવામાં ન આવતા કયાંક મંત્રી મંડળમાં જુથવાદ ચાલી રહ્યો હોય તેવુ લાગી રહ્યુ છે.

# અમદાવાદમાં છેલ્લા ૧૩ દિવસમાં ડેન્ગ્યૂના ૨૦૦થી વધુ કેસ આવતા ફફડાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સામાન્ય રીતે સપ્ટેમ્બરથી ડિસેમ્બર મહિના સુધીમાં ડેન્ગ્યૂના કેસ વધુ સંખ્યામાં નોંધાતા હોય છે. સપ્ટેમ્બર મહિનાના તેર દિવસમાં જ અમદાવાદમાં ડેન્ગ્યૂના ૨૦૦ કેસ નોંધાયા છે. ગોમતીપુર, બહેરામપુરા ઉપરાંત પાલડી, નવરંગપુરા અને રાણીપ સહિતના વિસ્તારમાં ડેન્ગ્યૂના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વર્ષે ડિસેમ્બર અંત સુધીમાં ડેન્ગ્યૂના કેસમાં હજુ વધારો થવાની સંભાવના વ્યકત કરાઈ છે.એક તરફ અમદાવાદમાં પાણીમાં પોલ્યુશન આવવાના કારણે અલગ અલગ ૨૬ સ્પોટને હોટ સ્પોટ જાહેર કરાયા છે. આ વિસ્તારોમાં પાણીની વર્ષો જુની લાઈન બદલવાની કામગીરી શરુ કરાઈ છે. બીજી તરફ સપ્ટેમ્બર ના આરંભથી અલગ અલગ વોર્ડ વિસ્તારોમાં ડેન્ગ્યૂના કેસ નોંધાઈ રહયા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મચ્છરજન્ય રોગને નિયંત્રિત કરવાની કહેવાતી કામગીરીની વચ્ચે સપ્ટેમ્બર માં મેલેરિયાના ૭૫ અને ઝેરી મેલેરિયાના ૭ કેસ નોંધાયા છે.પાણીજન્ય રોગમાં કમળાના ૨૦૦, ટાઈફોઈડના ૧૮૦, ઝાડા ઉલટીના ૧૨૦ તથા વટવા વોર્ડમાં કોલેરાનો એક કેસ નોંધાયો છે.

કોર્પોરેશન દ્વારા લેવામાં આવેલા પાણીના સેમ્પલ પૈકી ૪૪ સેમ્પલ પીવાલાયક પાણીના નહીં હોવાનુ સામે આવ્યુ છે. ૧૧ સેમ્પલમાં કલોરીન નીલ હોવાનો રીપોર્ટ આવ્યો છે.

### બે મહિના સુધી આ યોજના પર જાહેર જનતા પોતાના સુચનો અને વાંધા રજુ કરી શકશે

# હિંમતનગર ખાતે હુડા દ્વારા તૈયાર કરવામાં આવેલ સુચિત વિકાસ યોજના અંગે પ્રવર્તી રહેલી ગેરસમજોથી દુર રહેવા મુખ્ય કારોબારી અધિકારી / શહેરી વિકાસ સત્તા મંડળ (હુડા) શ્રીમતી કિષ્ણા વાઘેલાની શહેરીજનોને અપીલ




પ્રતિનિધિ,ગાંધીનગર

હિંમતનગર શહેરી વિકાસ સત્તા મંડળ (હુડા) દ્વારા તૈયાર કરવામાં આવેલ સુચિત વિકાસ યોજના અંગે હાલમાં કેટલીક ગેરસમજો પ્રવર્તી રહી છે. જે અંગે સ્પષ્ટતા કરતા મુખ્ય કારોબારી અધિકારી શ્રીમતી કિષ્ણા વાઘેલાએ જણાવ્યુ હતુ કે ખાસ કરીને એવી માન્યતા ફેલાઈ રહી છે કે ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે જમીનની સંપૂર્ણ કપાત થઈ જશે, જે વાત સત્ય થી વેગળી છે, નગર રચના યોજના હેઠળ જે જમીનો માળખાકીય સુવિધાઓ માટે આવરી લેવાય છે તેના મુળ માલીકોને નિયમોનુસાર સુવ્યવસ્થિત ફાઈનલ પ્લોટ આપવામાં આવે છે, તેમણે વધુમાં કહ્યુ હતુ કે ભુતકાળના અનુભવો દર્શાવે છે કે આ પ્રક્રિયાથી જમીનના મુલ્યમાં અનેકગણો વધારો થાય છે. આમ આ યોજના ખેડુતો અને જમીન માલીકોના હિતોનુ રક્ષણ કરે છે ન કે તેમનુ નુકશાન,

મુખ્ય કારોબારી અધિકારીએ વધુમાં જણાવ્યુ હતુ કે આ ડ્રાફટ ડેવલપમેન્ટ પ્લાન પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતને શહેરી વિકાસમાં એક રોલ મોડેલ રાજય બનાવવાની પ્રતિબધ્ધતાનુ પ્રતિબિંબ છે. આ યોજના જીટીપીસીએલ જેવી પ્રતિષ્ઠિત એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવી છે અને તેમાં વ્યાપક જાહેર પરામર્શનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા દરમિયાન હિંમતનગર વિધાનસભાના ધારાસભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ અને હુડામાં સમાવિષ્ટ ૧૧ ગ્રામ પંચાયતોના સરપંચો જેવા પદાધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ક્રેડાઈ, ડોકટર્સ, બિલ્ડર્સ , વેપારીઓ, એડવોકેટો અને એન્જીનીયરો તેમજ આર્કિટેક જેવા વિવિધ જુથોના પ્રતિનિધિઓ અને ગ્રામ પંચાયતોના સરપંચો તેમજ આગેવાનો પાસેથી પણ મુલ્યવાન મંતવ્યો મેળવીને એક સર્વસમાવેશક ડ્રાફટ પ્લાન બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રીમતી વાઘેલાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ સુચિત વિકાસ યોજનાનુ નોટીફીકેશન તા. ૮/૯/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ હતું. આગામી બે મહિના સુધી આ યોજના પર જાહેર જનતા પોતાના સુચનો અને વાંધા રજુ કરી શકે છે. અત્યાર સુધીમાં આશરે ૩૫ જેટલી રજુઆતો પ્રાપ્ત થઈ છે અને અમે હજુ પણ વધુ પ્રતિભાવોને આવકારીએ છીએ.

આ યોજનામાં દર્શાવેલ રોડ રસ્તાઓનુ નિર્માણ જરૂરીયાત મુજબ તબકકાવાર કરવામાં આવશે, મુખ્ય કારોબારી અધિકારીએ વધુમાં કહ્યુ હતુ કે ભુતકાળનો ઈતિહાસ દર્શાવે છે કે શહેરી વિકાસ સત્તા મંડળની રચના બાદ ગાંધીનગર (ગુડા) જેવા શહેરોએ ઝડપી વિકાસ સાધ્યો છે. આ યોજનાનો મુખ્ય હેતુ હિંમતનગરના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવાનો છે, અમે સૌને આ વિકાસ પ્રક્રિયામાં સચોટ માહિતીના આધારે સહભાગી થવા વિનંતી કરીએ છીએ.

# રસ્તા પર ભજીયા-સમોસા તળાયા : મોદીના જન્મદિને એનએસયુઆઈ કાર્યકરોએ બેરોજગારીને લઈને કર્યો વિરોધ






પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આજે ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૫ મો જન્મદિવસ દેશભરમાં ધામધુમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો, જયાં એકતરફ ભારતીય જનતા પાર્ટી અને તેના સમર્થકો દ્વારા વિવિધ કાર્યક્રમો, સેવા ઝુંબેશો અને ઉજવણીઓ યોજવામાં આવી હતી.

તો બીજી તરફ કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ, નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડીયા (એનએસયુઆઈ) એ દેશભરમાં આજના મોદીના જન્મદિને બેરોજગારી દિવસ તરીકે ઉજવીને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. અમદાવાદની ગુજરાત યુનિર્વસિટી ખાતે એનએસયુઆઈના કાર્યકરોએ ભજીયા તળવા, બુટ પોલીશ કરવા અને રસ્તો રોકવા જેવી પ્રતિકાત્મક કાર્યવાહીઓ કરી જેના પગલે પોલીસે તેમની અટકાયત કરી હતી. આ ઘટનાએ રાજકીય વાતાવરણમાં ગરમાવો લાવી દીધો હતો અને બેરોજગારીના મુદ્દે ચર્ચાઓને વેગ મળ્યો હતો. અમદાવાદની ગુજરાત યુનિર્વસિટી ખાતે એનએસયુઆઈના કાર્યકરોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના અવસરે એક અનોખુ વિરોધ પ્રદર્શન યોજયુ હતું આ વિરોધનુ મુખ્ય કારણ હતુ દેશમાં વધતી બેરોજગારી, જેના માટે એનએસયુઆઈને વડાપ્રધાન અને કેન્દ્ર સરકારની નીતીઓને જવાબદાર ગણાવી, એનએસયુઆઈના કાર્યકરોએ આ દિવસને બેરોજગારી દિવસ તરીકે ઉજવવાનુ નકકી કર્યુ હતું. તેના ભાગરૂપે પ્રતિકાત્મક કાર્યવાહીઓ કરી હતી. ગુજરાત યુનિર્વસિટીના ગેટની બહાર એનએસયુઆઈના કાર્યકરોએ રસ્તા પર બેસીને ભજીયા અને સમોસા તળવાનુ શરૂ કર્યુ હતું. આ કાર્યવાહીનો હેતુ એ દર્શાવવાનો હતો કે યુવાનોને રોજગારના અભાવે આવા નાના મોટા વ્યવસાયો કરવા મજબુર થવુ પડે છે. આ ઉપરાંત કેટલાક કાર્યકરોએ બુટ પોલીશ કરીને પણ વિરોધ કર્યો હતો. જે બેરોજગારીની ગંભીરતાને પ્રકાશિત કરવાનુ એક પ્રતિકાત્મક પગલુ હતું. આ દરમિયાન કાર્યકરોએ સુત્રોચ્ચાર સાથે એક રેલી પણ યોજી હતી. જેમાં બેરોજગારી હટાવો, રોજગારી લાવો જેવા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. જો કે આ વિરોધ લાંબો સમય ચાલ્યો નહી, ગુજરાત યુનિર્વસિટી બહારનો રસ્તો રોકાતા, અમદાવાદ પોલીસે તાત્કાલીક પગલા લીધા હતા. પોલીસે એનએસયુઆઈના કાર્યકરોની ટીંગાટોળી કરી અને તેમની અટકાયત કરી હતી. આ ઘટનાએ સ્થાનિક વાતાવરણમાં ગરમાવો લાવી દીધો હતો અને સોશીયલ મીડીયા પર પણ આ વિરોધની ચર્ચા શરૂ થઈ હતી.

એનએસયુઆઈના નેતા પ્રવિણસિંહ વણોલે આ વિરોધનુ નેતૃત્વ કરતા જણાવ્યુ હતુ કે અમે આજના દિવસને બેરોજગારી દિવસ તરીકે ઉજવીએ છીએ કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને રોજગારીના જે વાયદા કર્યા હતા તે પુરા થયા નથી, દેશના યુવાનો આજે રોજગારની શોધમાં ભટકી રહ્યા છે અને ઘણા નાના મોટા કામો કરવા મજબુર બન્યા છે. આ વિરોધ એક પ્રતિકાત્મક તરીકે યુવાનોની આ વેદનાને વ્યકત કરવાનો પ્રયાસ છે. એનએસયુઆઈનો આ આક્ષેપ દેશમાં ચાલી રહેલી બેરોજગારીની સમસ્યા પર કેન્દ્રીત છે. ભારતમાં બેરોજગારીનો દર ગયા કેટલાક વરસોમાં વધ-ઘટ થયો રહ્યો છે અને ખાસ કરીને યુવાનોમાં રોજગારની તકો ની અછત એક મોટો મુદ્દો બન્યો છે. એનએસયુઆઈનુ કહેવુ છે કે સરકારે ૨૦૧૪ અને ૨૦૧૯ ની ચુંટણીઓ દરમિયાન દર વરસે ૨ કરોડ નોકરીઓનુ સર્જન કરવાનો વાયદો કર્યો હતો. જે હજુ સુધી પુરો થયો નથી. આ વિરોધ દ્વારા એનએસયુઆઈએ યુવાનોની આ નારાજગીને વાચા આપવાનો પ્રયાસ કર્યો હતો.

# વડાપ્રધાન મોદીની ભાવનગરની મુલાકાત સંદર્ભે ૧૫ જેટલા આઈએએસ અધિકારીઓને ખાસ જવાબદારી સોંપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા. ૨૨ સપ્ટેમ્બર ના રોજ ભાવનગરની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારના જનરલ એડમીનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટના એડીશનલ સેક્રેટરીએ ૫ આઈએએસ અને ૧૦ ગેસ કેડરના અધિકારીઓને વડાપ્રધાનના કાર્યક્રમ માટે ખાસ જવાદબારી સોંપી છે. અને આ તમામ ૧૫ અધિકારીઓને ગુજરાત મેરીટાઈમ બોર્ડના હવાલે કરવામાં આવ્યા છે. આઈએએસ કેડરના જે ૫ અધિકારીઓને વડાપ્રધાનના કાર્યક્રમ માટે વધારાની જવાબદારી સોંપવામા આવી છે તેમાં ધોલેરા સર પ્રોજેકટ ના ચીફ એકઝીકયુટીવ ઓફીસર ડો. કુલદીપ આર્ય , ગુજરાત ઈન્ફોમેટીક લીમીટેડના મેનેજીંગ ડીરેકટર અરવિંદ વી., એડીશનલ ઈન્ડસ્ટ્રીયલ કમિશ્નર રોહિત એન. ડોડીયા, ગુજરાત મેડીકલ સર્વિસ કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટર ડી કે બ્રહ્મભટ્ટ , ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપનીના મેનેજીંગ ડીરેકટર એસ કે પટેલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગેસ કેડરના જે અધિકારીઓનો સમાવેશ કરાયો છે તેમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના એડીશનલ કલેકટર આર ડી સીંઘ , ગુજરાત સેન્ટ્રલ કો ઓપરેટીવ એસોસીએશનના મેનેજીંગ ડીરેકટર આર એચ ગઢવી, ગાંધીનગર ખાતે આવેલી કમિશ્નર ઓફ મ્યુનિસીપાલીટી એડમીનીસ્ટ્રેશનના ડેપ્યુટી મ્યુનીસીપલ કમિશ્નર વાય ડી ગોહીલ, ડી વી પ્રજાપતિ સીવીલ સપ્લાય ડીપાર્ટમેન્ટના જોઈન્ટ ડાયરેકટર, સી એ ગાંધી, સર્વશિક્ષા અભિયાનના એડીશનલ ડીરેકટર એમ એમ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી રાજ પીપળાના ડીરેકટર વાય એસ ચૌધરી, ગુજરાત પંચાયત સર્વિસ સેકશન બોર્ડના સેક્રેટરી એમ કે જોશી, ડીરેકટર ઓફ સ્કુલ ના જોઈન્ટી ડીરેકટર એસ જી પટેલીયા અને લીગલ મેટ્રોલોજીના કંટ્રોલર આર આર ગોહિલનો સમાવેશ થાય છે.